Colouron+ ISC durashine TATA SHAKTEE
ALEVATE
PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ એકમ મંગળવાર ૩૦ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૧

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# ઈરાન-અમેરિકા હુમલા બંધ કરવા સંમત: જો કે મંત્રણા અંગે ગુંચવાડો

**અમેરિકા** અને પાકિસ્તાને કહ્યું કે મંગળવારે કતારમાં મંત્રણા ફરી શરૂ થશે

**ઇરાનના** અગ્રણી મંત્રણાકારે કહ્યું કે હજી કશું નક્કી નથી

દોહા, વૉશિંગ્ટન, તા. ૨૯: અમેરિકા અને ઈરાને હાલ એકબીજા પરના સૈન્ય હુમલા રોકવા અંગે સહમતી દર્શાવી છે. બંને દેશો વચ્ચે છેલ્લા ૩ દિવસથી હુમલા ચાલુ હતા. બંને દેશોના પ્રતિનિધિઓ આવતીકાલે મંગળવારે કતારમાં મંત્રણા આગળ વધારવા ભેગા થશે એ મુજબ અમેરિકાએ જણાવ્યું હતું પરંતુ ઈરાનના એક અગ્રણી મંત્રણાકારે જણાવ્યું છે કે આવી મંત્રણાનો કોઈ કાર્યક્રમ નથી.

અમેરિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, કરારના તમામ મુદ્દાઓ પર વાતચીત ચાલુ રહેશે. અમેરિકાએ ઈરાનના મિસાઈલ અને રડાર ઠેકાણાઓ પર કાર્યવાહી કરી હતી, જ્યારે ઈરાને તેના જવાબમાં કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકાના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. આ ઘટના બાદ બંને દેશોએ હાલ સૈન્ય કાર્યવાહી રોકવા સહમતિ બતાવી હોવાના અહેવાલ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે ઈરાન સાથે મંગળવારે દોહા, કતારમાં એક બેઠક યોજાશે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે ફોક્સ ન્યૂઝના ફોક્સ એન્ડ ફ્રેન્ડ્સ કાર્યક્રમમાં જણાવ્યું કે, ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને રાષ્ટ્રપતિના જમાઈ જેરેડ કુશનર આ બેઠક માટે કતાર જઈ રહ્યા છે. જો કે, ઈરાનના વરિષ્ઠ વાર્તાકાર કાઝેમ ગરીબાબાદીએ આવી કોઈ પણ બેઠક નિર્ધારિત થઈ હોવાનો ઈનકાર કર્યો હતો. મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલા પાકિસ્તાને જણાવ્યું છે કે મંગળવારે વાટાઘાટો ફરી શરૂ થશે. ટ્રમ્પ વહીવટીતંત્રે રવિવારે જણાવ્યું હતું કે કંઈ પણ રદ કરવામાં આવ્યું નથી અને ટેકનિકલ વાટાઘાટો નિયત સમયપત્રક મુજબ ચાલશે પરંતુ ઇરાનના વિષ્ટીકારની વાતથી ગુંચવાડો સર્જાયો છે. ઈરાનના વાર્તાકાર ગરીબાબાદીએ 'ઈરના'

...અનુસંધાન પાના 15 પર





# આસામ-અરુણાચલમાં પૂર અને ભૂસ્ખલનથી તબાહી

**વાયુસેનાએ** હેલિકોપ્ટરથી ૪ લોકોને બચાવ્યા; ગૃહમંત્રી અમિત શાહે બંને રાજ્યોના સીએમ સાથે કરી ચર્ચા

**અરૂણાચલમાં** ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાનઃ આસામમાં ૪૫૫૦૦ લોકો અસરગ્રસ્ત, ૧૬૯૦ હેક્ટર જમીન પરનો પાક નષ્ટ

**ચોમાસાએ** અત્યાર સુધી ૨૨ રાજ્યોને આવરી લીધા, જો કે ગતિ ધીમી પડી ગઇ, દિલ્હીમાં ચારેક દિવસમાં પહોંચે તેવી વકી

ઇટાનગર, ગુવાહાટી, નવી દિલ્હી, તા. ૨૯: અરુણાચલ પ્રદેશમાં સોમવારે પણ ભારે ચોમાસુ વરસાદે કહેર મચાવવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે ઓછામાં ઓછા ૧૨ જિલ્લાઓમાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જ્યારે આસામમાં પણ પૂરના કારણે ભારે નુકસાન થયું છે.

અરુણાચલ પ્રદેશ અને આસામમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂપ્રપાતના બનાવો સર્જાયા છે. અરુણાચલના 12 જિલ્લાઓમાં પૂર અને ભૂસ્ખલનને લીધે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું નુકસાન પહોંચ્યું છે. લેકુ નદીમાં આવેલા પૂરને કારણે આસામના જોનાઈ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે અને નેશનલ હાઈવે-515 પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. લોઅર દિબાંગ વેલી જિલ્લાના દામબુકમાં સિસિરી નદીના એક ટાપુ પર ફસાયેલા ચાર લોકોને ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા બચાવી લેવાયા હતા. ભારે વરસાદ પછી ઘોડાપૂરને લીધે કેટલાય સ્થળોએ રસ્તાઓ અને પુલ ધોવાઈ ગયા છે. આસામમાં પૂરની સ્થિતિ વધુ વકરી છે જ્યાં 96 ગામો પૂરના પાણીમાં ડૂબી ગયા છે. છ જિલ્લાના 22 હજારથી વધુ લોકો બેઘર બન્યા છે. કુલ ૪૫૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા છે. સૌથી વધુ અસર ધેમાજી જિલ્લામાં થઈ છે, જ્યાં આશરે ૪૧૦૦૦ લોકો પ્રભાવિત થયા છે. અત્યાર સુધીમાં 1690 હેક્ટર પાક નાશ પામ્યો છે. એક વ્યક્તિ લાપતા છે. ગૃહમંત્રી અમિત શાહે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ સાથે ફોન પર વાતચીત કરીને પરિસ્થિતિની માહિતી મેળવી હતી.

ચોમાસું 24 જૂન સુધીમાં 22 રાજ્યોને આવરી ચૂક્યું છે. ત્યારબાદ તેની ગતિ ધીમી પડી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, 5 જુલાઈ સુધીમાં તે બાકીના રાજ્યોમાં પણ પહોંચી શકે છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી એમ 4 રાજ્યોના ઘણા વિસ્તારોમાં પ્રી-મોન્સૂન વરસાદ ચાલુ છે. મધ્યપ્રદેશના બડવાનીમાં પૂરના પાણી વહી રહ્યા હોય તેવા પુલને પાર કરતી વખતે એક ટ્રેક્ટર અને તેનો ડ્રાઈવર તણાઈ ગયા હતા, ડ્રાઈવર હજુ પણ ગુમ છે. બીજી તરફ, છત્તીસગઢના બેમેતરામાં વરસાદને કારણે કાચું મકાન ધરાશાયી થતાં 2 બાળકીઓના અને સુકમામાં વીજળી પડવાથી એક યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે 4 લોકો ઘાયલ થયા છે.

# મહિલા અનામત માટે લોકસભાની બેઠકોમાં 50 ટકાનો વધારો કરવાની તૈયારી

**બેઠકોની** સંખ્યા 543થી વધારીને 850 કરવામાં આવી શકે

**દક્ષિણના** રાજ્યોની રાજકીય ચિંતાઓ દૂર કરવા સરકારનો નવો ડ્રાફ્ટ

**2011ની** વસ્તી ગણતરીના આધારે 2029ની ચૂંટણી પહેલા બેઠકો વધારવાનું આયોજન

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): દેશમાં મહિલા અનામત કાયદાને વહેલી તકે અમલમાં લાવવા માટે કેન્દ્ર સરકાર એક મહત્વની યોજના પર કામ કરી રહી છે. આ યોજના અંતર્ગત તમામ રાજ્યો માટે લોકસભાની બેઠકોની સંખ્યામાં 50 ટકાનો મોટો વધારો કરવા માટે વિવિધ વિકલ્પો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આ નવો ડ્રાફ્ટ બંધારણીય સુધારા વિધેયકના ભાગરૂપે તૈયાર થઈ રહ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય દક્ષિણના રાજ્યોની ચિંતાઓને દૂર કરવાનો છે. દક્ષિણના રાજ્યોને એવી મોટી આશંકા છે કે જો વસ્તીના આધારે બેઠકોની પુનઃરચના કરવામાં આવશે, તો લોકસભામાં તેમની રાજકીય શક્તિ અને પ્રભાવ નોંધપાત્ર રીતે ઘટી જશે. આ અગાઉ 17 એપ્રિલના રોજ આ અંગેનું પ્રથમ બિલ લોકસભામાં નિષ્ફળ રહ્યું હતું, કારણ કે સરકાર તેને પસાર કરવા માટે જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવી શકી ન હતી.

નવા ડ્રાફ્ટમાં એવી દરખાસ્ત કરવામાં આવી છે કે 1971ની વસ્તી ગણતરીના આધારે રાજ્યો વચ્ચે બેઠકોનો જે વર્તમાન ગુણોત્તર છે તેને સંપૂર્ણપણે યથાવત રાખવામાં આવે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર

...અનુસંધાન પાના 15 પર




### મુખ્ય ન્યાયાધીશની લંડન મુલાકાત

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યા કાંતની યુનાઇટેડ કિંગડમ (યુકે)ની છ દિવસની મુલાકાત અણધારી રીતે સોશિયલ મીડિયા પર ચર્ચાનો મુખ્ય વિષય બની ગઈ. મુખ્ય ન્યાયાધીશ લંડન યુનિવર્સિટીની બિરકબેક કોલેજમાં 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) અને આંતરરાષ્ટ્રીય કાયદો' વિષય પર મુખ્ય વ્યાખ્યાન આપી રહ્યા હતા. પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન સ્થિતિ ત્યારે વણસી ગઈ જ્યારે એક વિદ્યાર્થીએ સીજીઆઈની અગાઉની 'કોકરોચ'વાળી ટિપ્પણી અંગે એક ધારદાર પ્રશ્ન પૂછ્યો અને આ મુદ્દાને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેમ જ અસંમતિના અવાજ સાથે જોડ્યો. સંજોગોવશાત, આ ઘટના દિલ્હીના જંતર-મંતર ખાતે 'ભારતીય કોકરોચ પાર્ટી' નામના સોશિયલ મીડિયા પર ખૂબ જ પ્રખ્યાત થયેલા જૂથની પ્રથમ જાહેર રેલીના સમયે જ બની હતી. ઘણા લોકોનું માનવું છે કે, આ રેલી સીજીઆઈની ટિપ્પણીઓ પર એક સીધો કટાક્ષ અથવા પ્રહાર હતો. આયોજકોને આ પ્રશ્ન એટલો અપ્રિય અને તીખો લાગ્યો કે તેઓએ તરત જ વિદ્યાર્થીનો માઇક્રોફોન બંધ કરી દીધો

...અનુસંધાન પાના 15 પર

# પાક.-અફઘાન સરહદે ભારે તણાવ

**પાકિસ્તાનના** એરસ્ટ્રાઇકમાં ૨૯ આતંકીઓ ઠાર, અફઘાનિસ્તાનનો ૩૬ નાગરિકોના મોતનો દાવો

**કરાચી** હુમલાના જવાબમાં 'ઓપરેશન ગઝબ લિલ હક'; બંને દેશોએ એકબીજાના રાજદ્વારીઓને સમન્સ પાઠવ્યા



ઈસ્લામાબાદ, તા. 29 (PTI): પાકિસ્તાને સોમવારે જણાવ્યું હતું કે તેણે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ગુપ્ત માહિતીના આધારે હાથ ધરેલા ગ્રાઉન્ડ ઓપરેશન અને હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 29 આતંકવાદીઓને ઠાર માર્યા છે.

માહિતી પ્રધાન અત્તા તરારે જણાવ્યું કે શનિવારે કરાચીમાં પેરામિલિટરી રેન્જર્સના મુખ્ય મથક પર આતંકીઓએ કરેલા હુમલાના જવાબમાં સુરક્ષા દળોએ આ જવાબી કાર્યવાહી કરી છે. તાજેતરમાં ખૈબર પખ્તુનખ્વા, બલોચિસ્તાન અને કરાચીમાં થયેલા આતંકી હુમલાઓ પાછળ અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ થયો હોવાના પુરાવા મળ્યા છે.

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે કાબુલમાં પાકિસ્તાની રાજદ્વારીને સમન્સ પાઠવીને પાકિસ્તાન દ્વારા તેમના હવાઈ ક્ષેત્ર અને સાર્વભૌમત્વના ઉલ્લંઘન તેમજ કુનાર, પક્તિયા અને પક્તિકા પ્રાંતોમાં નાગરિકોના ઘરો પર કરાયેલા બોમ્બમારો સામે 'કડક અને મક્કમ વિરોધ' નોંધાવ્યો છે.

અફઘાન વિદેશ મંત્રાલયે દાવો કર્યો છે કે રહેણાંક વિસ્તારો પર પાકિસ્તાની હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત 36 નાગરિકો માર્યા ગયા છે અને અન્ય 163 લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે પાકિસ્તાનના આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવતાવાદી સિદ્ધાંતોનું

...અનુસંધાન પાના 15 પર

# પેટ્રોલ, ડીઝલના વેચાણ પરનાં નિયંત્રણો આવતીકાલથી હટી જશે

**પુરવઠા** અંગેની ચિંતાઓ હળવી થતા ૧ જુલાઇથી નિયંત્રણો ઉઠાવી લેવાનો સરકારનો નિર્ણય

**ટ્રાન્સપોર્ટરો** જેવા જથ્થાબંધ ગ્રાહકો પણ હવે પેટ્રોલ પંપ પરથી ઇંધણ ખરીદી શકશે

**એક** વાહનને ડીઝલના દૈનિક વેચાણ પરની ટોચમર્યાદા પણ દૂર થશે

નવી દિલ્હી, તા. ૨૯: ઈંધણ પુરવઠા અંગેની ચિંતાઓ હળવી થતાં સરકારે ૧ જુલાઈથી પેટ્રોલ અને ડીઝલના વેચાણ પરના કામચલાઉ નિયંત્રણો હટાવવાનો નિર્ણય કર્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જતાં અને સંભવિત અછતની આશંકા ઉભી થતાં આ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા.

આ નિયંત્રણોને કારણે વ્યાપારી ખરીદદારો રિટેલ ફ્યુઅલ સ્ટેશનો પરથી પેટ્રોલ અને ડીઝલ ખરીદી શકતા ન હતા. વૈશ્વિક પરિસ્થિતિ વધુ વણસે તો સામાન્ય જનતા માટે પૂરતું ઈંધણ ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવા સરકારે ડીઝલની દૈનિક ખરીદી પર પણ મર્યાદા નક્કી કરી હતી. સોમવારે જારી કરાયેલા એક સત્તાવાર આદેશમાં સરકારે જણાવ્યું હતું કે આ નિયંત્રણો ૧ જુલાઈથી સમાપ્ત થઈ જશે. આનો અર્થ એ છે કે વ્યાપારી વપરાશકર્તાઓ ફરી એકવાર કોઈપણ કામચલાઉ મર્યાદા વિના રિટેલ આઉટલેટ્સ પરથી ઈંધણ ખરીદી શકશે. આ ઉપરાંત એક વાહનને ડીઝલના દૈનિક વેચાણ પરની ટોચ મર્યાદા પણ દૂર થશે, જે મર્યાદા એક દિવસના ૨૦૦ લીટરની હતી. નિયંત્રણો ૧૨મી જૂને ૯૦ દિવસ માટે અમલી બનાવવમાં આવ્યા હતા. આ ઉપરાંત વાહનની ટાંકીમાં જ અને માન્ય પાત્રમાં જ ઈંધણ ભરી આપવાનો પણ આદેશ હતો.

વૈશ્વિક ઊર્જા બજારમાં અનિશ્ચિતતા વધી રહી હતી તેવા

...અનુસંધાન પાના 15 પર

# પૂણેમાં ૩ વર્ષની બાળકી પર બળાત્કાર-હત્યા કેસમાં ૬૫ વર્ષના નરાધમને ફાંસી

**ભીમરાવ** કાંબલેએ 3 વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરી હતી

**ગુનાના** માત્ર 60 દિવસની અંદર કોર્ટે સંભળાવ્યો ચુકાદો

પૂણે, તા. 29 (પીટીઆઈ): મહારાષ્ટ્રના નસરાપુર ગામમાં 3 વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના સનસનાટીભર્યા કેસમાં પૂણેની વિશેષ કોર્ટે સોમવારે 65 વર્ષના આરોપી ભીમરાવ કાંબલેને ફાંસીની સજા ફટકારી છે.

આ ભયાનક ગુનાએ સમગ્ર મહારાષ્ટ્રમાં ભારે જનઆક્રોશ અને વિરોધ પ્રદર્શનો જગાવ્યા હતા. એડિશનલ જજ એસ. આર. સાળુંખેએ આ કેસને 'રેરેસ્ટ ઓફ ધ રેર' (દુર્લભમાં દુર્લભ) ગણાવીને ઉંમરના આધારે દયા રાખવાની બચાવ પક્ષની દલીલને ફગાવી દીધી હતી, અને નોંધ્યું હતું કે આરોપીની ક્રૂરતાએ ન્યાયતંત્ર અને સમાજના અંતરાત્માને હચમચાવી દીધો છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ચુકાદાને આવકારતા કહ્યું હતું કે આવા ગુનેગારોને સમાજમાં જીવવાનો કોઈ અધિકાર નથી અને રેકોર્ડ સમયમાં તપાસ કરવા બદલ પોલીસ અને પ્રોસિક્યુશનની પ્રશંસા કરી હતી.

આ ગુનો 1 મેના રોજ થયો હતો અને કોર્ટે માત્ર 60 દિવસની અંદર 25 જૂનના રોજ આરોપીને દોષિત ઠેરવ્યો હતો. આરોપીએ બાળકીને નાસ્તો આપવાની અને વાછરડું બતાવવાની લાલચ આપી પશુઓના તબેલા નજીક લઈ જઈને અમાનુષી અત્યાચાર કર્યો હતો અને તેની હત્યા કરી દીધી હતી.

પ્રોસિક્યુશને કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપી અગાઉ પણ 62

...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૯-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૨° સે. | ૩૧.૦° સે. | ૪૩% |

# રામ મંદિર દાન ચોરી કેસ: અયોધ્યાના વકીલો આરોપીઓનો કેસ નહીં લડે

**આરોપીઓનો** કેસ લડનારા વકીલને થશે રૂ. 5 લાખનો દંડ

**ચંપત રાય,** અનિલ મિશ્રા અને ગોપાલ રાવને 3 દિવસમાં અયોધ્યા છોડવાની ચેતવણી

રામ મંદિરના મુખ્ય દ્વાર બહાર મીડિયા કવરેજ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો

અયોધ્યા, તા. 29 (PTI): અયોધ્યાના રામ મંદિરમાં દાનની ઉચાપત (ચોરી)ના મામલે ફૈઝાબાદ બાર એસોસિએશને સોમવારે એક મોટો નિર્ણય લીધો છે. બાર એસોસિએશને સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો છે કે તેમનો કોઈ પણ વકીલ આ કેસમાં પકડાયેલા 8 આરોપીઓ તરફથી કોર્ટમાં કેસ નહીં લડે.

જો કોઈ વકીલ આ નિર્ણયનું ઉલ્લંઘન કરશે, તો તેણે પ્રત્યેક આરોપી દીઠ 5 લાખ રૂપિયાનો દંડ બાર એસોસિએશનમાં જમા કરાવવો પડશે, જે રકમનો ઉપયોગ આ કેસના પ્રોસિક્યુશન માટે કરવામાં આવશે. વકીલોએ જણાવ્યું કે મંદિરના દાનની ચોરીથી તેમની લાગણી દુભાઈ છે. અગાઉ 2005માં રામ જન્મભૂમિ પર થયેલા ત્રાસવાદી હુમલા વખતે પણ બાર એસોસિએશને આવો જ નિર્ણય લીધો હતો.

આ બેઠકમાં વકીલોએ મંદિર વ્યવસ્થાપન સાથે જોડાયેલા ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવને (જોકે એફઆઈઆરમાં આ લોકોના નામ નથી) 3 દિવસમાં અયોધ્યા છોડવાની ચેતવણી આપી છે, અન્યથા સમગ્ર અયોધ્યા બંધ કરવાની ચીમકી આપી છે. એસોસિએશનના અધ્યક્ષ કાલિકા પ્રસાદ મિશ્રાએ જણાવ્યું કે તેઓ આ કૌભાંડની તપાસ સીબીઆઈ (CBI) ને સોંપવા માટે અલ્હાબાદ હાઈકોર્ટ અને જરૂર પડ્યે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવશે.

જોકે સુપ્રીમ કોર્ટે આ મામલે સીબીઆઈની આગેવાની હેઠળની મલ્ટી-ડિસિપ્લિનરી ટીમ દ્વારા સમયબદ્ધ તપાસની માગ કરતી એક અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે મૌખિક ટિપ્પણી કરી કે 'આમાં વહેલી સુનાવણીની શું જરૂર છે?' હવે

...અનુસંધાન પાના 15 પર